# પુણ્ય-પાપના પ્રકાર અને પરિણામ

(Merits-demerits : Types and effects - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

જીવન કર્મમય છે. કર્મફળ અટળ છે. સારા કર્મનું ફળ પુણ્ય આપે છે અને તેનાથી સુખ પ્રાપ્ત થાય છે, જ્યારે નરસા કર્મનું ફળ પાપ આપે છે અને તેનાથી દુ:ખ થાય છે. ઘણી વાર 'સદાચરણી હોવા છતાં સજ્જનો જીવનમાં દુ:ખ ભોગવતા હોય છે, જ્યારે ગુંડાઓ, ભ્રષ્ટાચારીઓ ઇત્યાદિ દુર્જનો અનેક દુષ્કૃત્યો કરતા હોવા છતાં ઐશ્વર્ય ઇત્યાદિ સુખ ઉપભોગી રહ્યા છે', એવું ચિત્ર આપણને દેખાય છે. તો પછી 'દુર્જનોને તેમનાં પાપોનું ફળ કેમ મળતું નથી', એવો પ્રશ્ન કોઈના પણ મનમાં આવી શકે છે. પૂર્વજન્મમાંની પુણ્યાઈને કારણે દુર્જનોને સુખ પ્રાપ્ત થાય છે; પણ પુણ્યનો સંગ્રહ સમાપ્ત થયા પછી તેમને તેમનાં પાપકર્મોનાં ફળ, અર્થાત્ રોગ, દારિદ્ર્ય જેવાં દુ:ખ અને મૃત્યુ પછીના નરકભોગ ઇત્યાદિ દુ:ખો અવશ્ય ભોગવવા જ પડે છે; તેમાંથી કોઈનો પણ છુટકારો થતો નથી. તેને કારણે પાપનું પરિમાર્જન થવું અત્યાવશ્યક જ છે. દૈનંદિન વ્યવહારમાં માનવી દ્વારા અજાણતામાં જ પાપકર્મો સતત થતાં હોય છે, ઉદા. સાવરણીથી ઘર વાળતી વેળાએ કરોળિયાં-જીવજંતુઓની હત્યા થવી, અન્યો સાથે કઠોરતાથી બોલવું, અન્યોનો દ્વેષ કરવો ઇત્યાદિ. ટૂંકમાં, માનવીને પાપ ટાળવું કેવળ અશક્ય છે. આપણે કરેલાં પાપો માટે પશ્ચાત્તાપ થઈને પાપોનું પરિમાર્જન કરવા માટે ધર્મમાં જણાવ્યા પ્રમાણેની શિક્ષા ભોગવવી, એને 'પ્રાયશ્ચિત્ત' કહેવાય છે. પ્રસ્તુત ગ્રંથમાં પાપ લાગવાનાં અને નહીં લાગવાનાં વિવિધ કારણો, પ્રાયશ્ચિત્ત કર્મો ઇત્યાદિ સાથે જ પુણ્ય વૃદ્ધિંગત કરવાનું મહત્ત્વ અને પુણ્ય નિર્માણ કરનારાં કર્મો વિશે પણ સુબોધ માર્ગદર્શન કરવામાં આવ્યું છે.

પાપ-પુણ્યાત્મક કર્મોને કારણે નિર્માણ થનારાં સુખ-દુ:ખના બંધનોની પેલે પાર જઈને સતત સચ્ચિદાનંદ અવસ્થામાં રહી શકાય તે માટે એવાં કર્મો કરવા પડે છે કે, જેને કારણે કર્મફળ લાગુ પડતું નથી. કર્મનું પરિણામ ટાળવા માટે શું કરવું જોઈએ, તેનો પણ ઊહાપોહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

આ ગ્રંથ વાંચીને વાચકોને પાપ-પુણ્ય ભણી જોવાની એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય અને પાપ-પુણ્યના પેલેપાર જઈને આનંદપ્રાપ્તિ કરી લેવા માટે સદૈવ સાધના કરવાની પ્રેરણા મળી રહે, એવી શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના ! – **સંકલક**

---

# અનુક્રમણિકા

(કેટલાક વિશિષ્ટતાપૂર્ણ સૂત્રો [મુદ્દાઓ] '*' ચિહ્નથી દર્શાવ્યાં છે.)


| | | |
|---|---|---|
| ૧. | **કર્મનું પરિણામ :** સુખ અને દુ:ખ; સંસ્કાર; પાપ-પુણ્ય અને અહંભાવ અથવા લઘુતાગ્રંથિ | **૧૧** |
| ૨. | **પુણ્ય** | **૧૨** |
| | * વ્યાખ્યા | ૧૨ |
| | * પુણ્ય પ્રાપ્ત થવાનાં કારણો | ૧૩ |
| | * પૂર્વપુણ્યાઈથી પ્રાપ્ત થનારી વસ્તુઓ | ૧૫ |
| | * પુણ્યના પ્રકાર - શુદ્ધ પુણ્ય અને અશુદ્ધ પુણ્ય | ૧૬ |
| | * વ્યષ્ટિ પુણ્ય અને સમષ્ટિ પુણ્યના પરિણામ | ૧૮ |
| | * પુણ્ય સમાપ્ત થયા હોવાના લક્ષણો | ૧૯ |
| | * સાધના કરીને પુણ્ય વધારવાનું મહત્ત્વ | ૨૦ |
| ૩. | **પાપ** | **૨૩** |
| | * વ્યાખ્યા * વ્યવહારમાં પાપ ટાળવું અશક્ય હોવું | ૨૩ |
| | * પાપનાં વિવિધ કારણો (સ્વાર્થ, પરનિંદા ઇત્યાદિ) | ૨૪ |
| | * પાપના પ્રકાર અને પરિણામ (કર્મવિપાક) | ૩૧ |
| | * પાપોની તીવ્રતા અનુસાર મૃત્યુ પછીના ભોગ અને મળનારો જન્મ | ૪૭ |